એપ્રિલ ૨૦૧૬

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## ઈમ્પ્રેશન પાડવી



## સંપાદકીય

બાળમિત્રો,

ઈમ્પ્રેશન પાડવાનો શોખ કોને નહીં હોય ? બધાને જ હોય. અરે, મને પણ હતો ને. કંઈ સારું કામ કર્યું હોય તો બધાને કહીને મારી સમજદારીનો વટ પાડી જ દઉં.

પણ ત્યારે ખબર નહોતી કે ઈમ્પ્રેશન પાડવા જવામાં હું મારું કેટલું નુકસાન કરું છું. આ તો જ્યારે દાદાની વાત સાંભળી ત્યારે એની જોખમદારી સમજાઈ.

મારી ભાવના છે કે તમે બધા પણ એ જોખમદારી સમજીને એમાંથી પાછા વળો. આ અંક તમને ઈમ્પ્રેશન પાડવાની કુટેવમાંથી બહાર નીકળવા જરુર મદદ કરશે.

- ડીમ્પલ મહેતા



# ઈમ્પ્રેશન પાડવી


# અક્રમ એક્સપ્રેસ

**Printed & Published by**

**Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.


**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**તંત્રી તથા સંપાદકઃ**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૮, અંક : ૮
સળંગ અંક : ૯૨
***એપ્રિલ ૨૦૧૬***

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
**email:akramexpress@dadabhagwan.org**
**Website: kids.dadabhagwan.org**



# જ્ઞાનીઓ કહે છે...

નીરુમા - "હું હોંશિયાર છું", "હું ડાહ્યો છું", "હું સ્માર્ટ છું", "મારામાં બહુ આવડત છે", "હું ભણેલો છું", વગેરે માન્યતાઓ પોતાને અંદર રહ્યા જ કરે. ઈમ્પ્રેશન પાડવી એટલે "હું આવો છું... આવો છું..." એ માન્યતાઓ પોતાને પોતાના પુરતી રહે એટલું જ નહીં, પણ લોકોને પણ એ ઠસાવે અને એમને પણ માનતા કરી દે. અને જો એવી ઈમ્પ્રેશન લોકો પર પડે, તો પોતે ખુશ થાય.

'મારે ચાર બંગલા છે, બે ગાડીઓ છે' એવું પ્રદર્શન કરે એ અભિમાન કહેવાય. પણ એની પાછળ જો એ હેતુ હોય કે સામો આપણી છાપ લઈને જાય કે હું કેવો છું એ - તો એ ઈમ્પ્રેશન પાડી કહેવાય.

ઘરમાં રોજ રોટલા અને શાક ખાતા હોય, પણ કોઈ મહેમાન આવે તો ઈમ્પ્રેશન પાડવા ફર્સ્ટ ક્લાસ જમણ બનાવે. ઘરમાં રોજ પથારા પડ્યા હોય પણ કોઈ મહેમાન આવવાનું હોય, તો ઈમ્પ્રેશન પાડવા ચકાચક સાફ કરી નાખે. મિત્રો સામે ઉઠવા-બેસવામાં, ચાલવામાં, ખાવામાં, બોલવામાં સ્ટાઈલ મારે એ ઈમ્પ્રેશન પાડી કહેવાય.

જેના પર ઈમ્પ્રેશન પડી જાય એ આપણો ભગત થઈ જાય. પછી આપણને પણ તેના પ્રત્યે રાગ થાય.

ઈમ્પ્રેશન પાડવાની વૃત્તિવાળાને જો પોતા કરતા બીજાની ઈમ્પ્રેશન પડી જાય તો એનાથી સહન ન થાય, ભોગવટો આવે.

દાદાજી કહેતા કે, તારી ઈમ્પ્રેશન ક્યારે પડશે ? જ્યારે તારામાં ઈમ્પ્રેશન પાડવાનો ભાવ જ નહીં રહે ત્યારે. બધી જ વિશેષતામાંથી બહાર નીકળી જઈએ તો ઈમ્પ્રેશન પાડવામાંથી બહાર નીકળી શકાય.

ઈમ્પ્રેશન પાડવાની વૃત્તિમાંથી છૂટવા માટે એક જ રાખવાનું કે, મારે કોઈની પર ઈમ્પ્રેશન પાડવી જ નથી. કારણ કે પાડેલી ઈમ્પ્રેશન ટકતી નથી. એ ક્યારે ઉડી જાય એ કહેવાય નહીં. તો એની પાછળ આપણે આપણી શક્તિ બગાડવાનો શો ફાયદો છે ?



# ઈમ્પ્રેશન ટકે ?

"થેંક યુ સો મચ ડેડી !" ગાડીની ચાવી મુઠ્ઠીમાં બંધ કરી, મયંક એના ડેડીને વળગી પડ્યો.

દસ જ મિનીટમાં એણે ગાડીના વીસ ફોટા પાડીને ફેસબુક પર અપલોડ કરી દીધા. એટલું જ નહીં, પણ પોતાના ખાસ ફ્રેન્ડસને ફોન કરીને સાંજે કોફી શોપમાં પાર્ટી માટે આમંત્રણ પણ આપી દીધું. પાર્ટીનું તો બહાનું હતું. ખરેખર, તો એને એના ફ્રેન્ડસને પોતાની નવી ગાડી બતાવવી હતી.

મયંકનું પરિવાર ખુબ જ શ્રીમંત હતું. એની એકવીસમી વર્ષગાંઠ નિમિત્તે એના ડેડીએ એને એક કાર ભેટમાં આપી. આ ઉપરાંત એમણે મયંકના બીઝનેસ માટે એક ઓફીસ પણ તૈયાર કરાવી હતી.

કોફી શોપના પાર્કિંગમાં મયંકે એની કાર પાર્ક કરી, ત્યાં તો મંજીત અને રાઘવ એને ઘેરી વળ્યા.

"કોન્ગ્રેચ્યુલેશન્સ મયંક ! મસ્ત કાર છે યાર !" કારના બોનેટ પર હાથ ફેરવતા મંજીતે કહ્યું.

"હવે, અમને પણ ડ્રાઈવ પર લઈ જજે દોસ્ત !" કહી, રાઘવે મયંકનો ખભો થાબડ્યો.

"શ્યોર !" બાયો ઉંચી કરી, મયંકે પોતાની ઈમ્પોર્ટેડ ઘડિયાળ તરફ એના ફ્રેન્ડસની દ્રષ્ટિ ખેંચવાની કોશિશ કરી, અને પછી બોલ્યો, "ચાલો, હવે અંદર જઈએ અને પેટ પૂજા કરીએ."

બધાએ અંદર જઈને પોતપોતાની મનપસંદ ડીશ ઓર્ડર કરી. રેસ્ટોરન્ટમાં મયંક અને એના ફ્રેન્ડસની મસ્તીથી કોલાહલ મચી ગયું. સૂચિતને રેસ્ટોરન્ટમાં દાખલ થતા જોઈને બધાએ જોરથી તાળીઓ પાડી.

"વેલકમ મિસ્ટર લેટ કમર," મયંકે સૂચિતને કટાક્ષમાં કહ્યું.

"સોરી યાર, બસ મીસ થઈ ગઈ એટલે મોડું થઈ ગયું," ખિસ્સામાંથી રૂમાલ કાઢીને સૂચિતે કપાળ પરથી પરસેવો લૂછ્યો અને એક ખુરશી પર ગોઠવાઈ ગયો.

"સૂચિત આવી ગયો છે એટલે આપણે આપણી સરપ્રાઈઝ દેખાડીએ." મંજીત મોટેથી બોલ્યો.

રાઘવે વેઈટરને ઈશારો કર્યો. વેઈટરે એક મોટી કેક લાવીને ટેબલ પર મૂકી. બીજા દિવસથી મયંક પોતાના બીઝનેસનો પ્રારંભ પોતાની નવી ઓફિસમાં કરવાનો હતો. મયંકની આ નવી શરૂઆતને અભિનંદન



આપવા માટે એના મિત્રોએ એના માટે કેક ઓર્ડર કરી હતી.

પોતાની નવી ઓફીસ પોતાના મિત્રોને દેખાડવા માટે મયંકે એક પ્લાન બનાવ્યો.

"મંજીત, સૂચિત, રાઘવ - તમારી ઓફીસ તો મારી ઓફીસથી બિલકુલ નજીક છે. એક કામ કરો. કાલે બપોરે એક વાગે મારી એફિસે આવી જજો. આપણે સાથે લંચ લેવા જઈશું. એ બહાને તમે લોકો મારી ઓફિસ પણ જોઈ લેજો."

બીજા દિવસે મળવાનો પ્લાન બનાવી, બધા છૂટા પડ્યા. કાર રીવર્સ કરી, ત્યાં તો મયંકની નજર સૂચિત પર પડી, "સૂચિત, કારમાં બેસી જા. હું તને ઘરે મૂકી જઉં."

"નો, ઈટ્સ ઓકે યાર. હમણાં બસ મળી જશે."

"બહુ નખરા નહીં કર સૂચિત. બેસી જા તો."

આગળ કશું પણ બોલ્યા વગર, કાર ડોર ખોલી સૂચિત મયંક સાથે આગળની સીટમાં ગોઠવાઈ ગયો.

સૂચિત અને મયંક બાળમંદિરથી એક બીજાના મિત્રો હતા. સૂચિત અને મયંકના ફાધર્સ પણ એક બીજાને ખૂબ સારી રીતે ઓળખતા.

મયંકે કારમાં મ્યુઝીક ઓન કર્યું. થોડી ક્ષણો સુધી બંને મિત્રો ચુપ રહ્યા. પછી અચાનક મયંક બોલ્યો, "યાર, એક વાત પૂછું?"

"શું?"


"યાર, તારા ફાધર આટલા પૈસાદાર છે. તો પણ તું આમ બસોમાં ફરે છે. એ તને શોભે છે?"

મયંકનો પ્રશ્ન સાંભળીને સૂચિત સહેજ હસ્યો. પછી બોલ્યો, "તે તાઈ-ચી નું નામ સાંભળ્યું છે?"

"હા, માર્શલ આર્ટનો એક પ્રકાર છે, રાઈટ?" મયંકે પૂછ્યું.

"રાઈટ,"

"પણ, એને મારા પ્રશ્ન સાથે શું મતલબ? મેં તને પૂછ્યું કે..." મયંકનું વાક્ય પતે,



# તારી પાસે બહુ પૈસા હોય, તો તું એ પૈસા હાથમાં લઈને ફરે છે ?

એ પહેલા જ સૂચિતે કહ્યું,

"હા, હા, તારા જ પ્રશ્નનો જવાબ આપી રહ્યો છું. તાઈ-ચી ના પ્રોફેસર વેંગ સિંગ, ખુબ જ સમૃદ્ધ અને પ્રભાવશાળી વ્યક્તિ છે. એકવાર એમના શિષ્યએ એમને પૂછ્યું કે, તેઓ પણ બીજા બધા માર્શલ આર્ટની જેમ તેમણે મેળવેલા કલર્ડ બેલ્ટ કેમ નથી પહેરતા.

વેંગ સિંગે એના શિષ્યને કહ્યું કે, તારી પાસે બહુ પૈસા હોય, તો તું એ પૈસા હાથમાં લઈને ફરે છે ? ના. એ પૈસા તું બેંકમાં રાખે છે. એ જ રીતે, જાતજાતના બેલ્ટ પહેરીને, આપણે જે જાણીએ છીએ, એનો દેખાડો કરવાની શી જરૂર છે ? એક સાચા યોદ્ધાની ખરી સંપત્તિ એની આંતરિક યોજના અને યુદ્ધ કળા હોય, નહીં કે જાણપણાનો બાહ્ય દેખાવ."

વાત પૂરી કરતા સૂચિત બોલ્યો, "યાર, મને મારા ફાધરના પૈસાનો શો-ઓફ કરવામાં કોઈ ઈન્ટરેસ્ટ નથી. મને જરૂરીયાત લાગશે, ત્યારે હું મારી કમાણીથી કાર ખરીદીશ."

"મયંક, તું મારો બાળપણનો મિત્ર છે. એટલે તને એક વાત કહું છું. ખોટો શો-ઓફ કરીને, આપણે બીજા પર ઈમ્પ્રેશન પાડવા જઈએ, પણ એ ઈમ્પ્રેશન ક્યારેય ટકે નહીં. જે ઈમ્પ્રેશન પાડવા માટે મથે, એ પોતાનું સુખ ચેન ખોઈ નાખે અને અંતે મુર્ખ ઠરે. પર્સનાલીટી તો એની પડે, જે ક્યારેય ઈમ્પ્રેશન પાડવા ના જાય. તું પણ જો...."

"ઓકે ગુરુજી," સૂચિતની વાતોથી મયંકની ધીરજ ખૂટી ગઈ, "મારે તારું લેકચર નથી સાંભળવું. ચલ, તારું ઘર આવી ગયું. આપણે કાલે મળીએ."

બીજા દિવસે, પોતાની શાનદાર ઓફીસમાં પગ મુકતા જ મયંકની છાતી ફુલાઈ ગઈ. એના મિત્રો જ્યારે એની ઓફિસને જોશે, ત્યારે એનો કેવો જબરજસ્ત વટ પડશે, એ વિચારથી જ મયંક મનોમન મલકાવા લાગ્યો.

રીવોલ્વીંગ ચેર પર બેસીને એ કલ્પનાની દુનિયામાં ખોવાઈ ગયો. ત્યાં તો એને કંઈક ખડકાટ સંભળાયો. ઓફીસના ગ્લાસ ડોર તરફ નજર કરી, તો રીસેપ્શન



**"વોટ ?!" મયંક થોડી ક્ષણો માટે સ્તંભિત બની ગયો. કાપો તો લોહી ના નીકળે, એવી હતી એની સ્થિતિ.**

એરિયામાં એક ભાઈ આવ્યા હતા. એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર એ વ્યક્તિ પર પોતાની ઈમ્પ્રેશન પાડવા માટે મયંકે ટેબલ પર મુકેલો ટેલીફોન ઉઠાવ્યો અને એક હાથ ઉંચો કરી એ વ્યક્તિને બહાર થોભવા માટે ઈશારે કર્યો.

પેલા ભાઈને બહાર સંભળાય તે રીતે મયંક મોટા અવાજે ટેલીફોન પર ડંફાસો મારવા લાગ્યો. દેશ-વિદેશની કંપનીઓ સાથે એની કંપનીનો બીઝનેસ ચાલી રહ્યો છે એવી વાતો એ ટેલીફોન પર કરી રહ્યો હતો, ત્યાં તો એના મિત્રો પણ આવી ચડ્યા.

બે-ત્રણ મિનીટ સુધી મયંકે ફોન પર મોટી મોટી વાતો કરવાનો ઢોંગ કર્યો અને પછી એ બહાર ગયો. પોતાના મિત્રોને થોડીવાર થોભવા માટે કહ્યું અને પછી પેલા ભાઈને પૂછ્યું, "બોલો, હું તમારી શું મદદ કરી શકું?"

પેલા ભાઈ થોડું મૂછોમાં હસ્યા અને કહ્યું, "હું તમારી ટેલીફોનની લાઈન નાખવા આવ્યો છું."

"વોટ ?!" મયંક થોડી ક્ષણો માટે સ્તંભિત બની ગયો. કાપો તો લોહી ના નીકળે, એવી હતી એની સ્થિતિ.

મંજીત અને રાઘવે એકબીજા સામે નજર કરી અને મહાપરાણે અંદરથી ઉભરાતું હાસ્ય રોક્યું. જે મિત્રો સામે ઈમ્પ્રેશન પાડવા માટે મયંક બેચેન રહેતો હતો, આજે તે એમની જ હસીનું પાત્ર બની ગયો.

મયંકે સૂચિત સામે જોયું. આગલા દિવસે સૂચિતે કહેલા શબ્દો એને યાદ આવ્યા. શરમથી એની નજર ઝૂકી ગઈ. તે દિવસે મયંકે મનોમન નક્કી કર્યું કે એ ફરી ક્યારેય શો-ઓફ કરવાની માથાકૂટ નહીં કરે.

# આ તો નવી

લોકો તને મોટો
ક્યારે જોશે ? જ્યારે
તું નાનો બનીશ
ત્યારે.



બે-ચાર ગાડીઓ
પોતાની પાસે હોય પણ
એનું અભિમાન ના
કરાય. અભિમાન કરે કે
જ્વાની તૈયારી થઈ. જેમ
જેમ આપણી પાસે
વિશેષ સાંસારિક
સાધનો હોય, તેમ
નમ્રતા હોવી ઘટે.



# જ વાત !

અહંકાર હોય ત્યાં સુધી ગમે તેવો રૂપાળો હોય, તોય કદરૂપો લાગે, ઈમ્પ્રેશન ન પડે.



ઈમ્પ્રેશન અને પર્સનાલીટીમાં ફરક છે. પર્સનાલીટીમાં પાડવાની વૃત્તિ નથી, જ્યારે ઈમ્પ્રેશનમાં પાડવાની વૃત્તિ આવી જાય છે.





# પ્રભાવ કોનો પડે ?



મને ખબર નથી પડતી કે આખા ક્લાસને રિયામાં એવું તે શું દેખાય છે કે દર વખતે એને જ મોનીટર બનાવે છે.
શું દેખાય છે ? રિયા ક્યારેય કોઈ દેખાડો કરતી નથી. અને એટલે જ એ બધાને ગમે છે.
અરે, પણ એની પાસે દેખાડો કરવા માટે છે જ શું ? એની વે, ચલ, મને ઘરે જવાનું મોડું થાય છે. ડ્રાઈવર મને લેવા આવી ગયો હશે. બાય.
અનુષ્કાએ ઘરમાં એક ડગલું મૂક્યું, ત્યાં તો નીપા દોડતી આવીને અનુષ્કાને વળગી પડી.
કોન્ગ્રેચ્યુલેશન્સ ! સાયન્સ ટેલેન્ટ સર્ચ એક્ઝામમાં, આખા સ્ટેટમાં તારો થર્ડ રેન્ક આવ્યો છે.
સાચે ? બતાડ મને...રીઝલ્ટ વાંચીને અનુષ્કાની ખુશીનો પાર ન રહ્યો. બીજા દિવસે સ્કુલમાં એનો કેટલો વટ પડી જશે, એ વિચારથી એ થનગની ઉઠી...


તરત જ એણે રિયાને ફોન જોડ્યો...
હાય રિયા... મને કોન્ગ્રેચ્યુલેટ કર. સાયન્સ ટેલેન્ટ સર્ચ એક્ઝામમાં ઓલ ઓવર સ્ટેટમાં મારો થર્ડ રેન્ક આવ્યો છે.
કોન્ગ્રેચ્યુલેસન્સ અનુષ્કા, અને...
એક મિનિટ, પહેલા મારી વાત સાંભળ. હવે ડેડી મને નવું આઈપેડ અપાવશે... અને વેકેશનમાં મને સિંગાપોર ફરવા લઈ જશે... યાહુ !
ઓહ માય ગોડ. બધાને કહ્યા વગર હું રહી શકું એમ નથી. ચલ બાય.
રિયાની વાત સાંભળ્યા વગર જ અનુષ્કાએ ફોન મૂકી દીધો.
આપણી સ્કુલ માટે ખુબ જ ગૌરવની વાત છે કે સાયન્સ ટેલેન્ટ સર્ચ એક્ઝામમાં, રાજ્યભરમાં પહેલો નંબર રિયા જોશી અને ત્રીજો નંબર અનુષ્કા શાહને મળ્યો છે.
તાળીઓના ગડગડાટથી બધા જ વિધાર્થીઓએ રિયા અને અનુષ્કાને અભિનંદન આપ્યા. રિયાનું નામ સાંભળી અનુષ્કાનું મોઢું પડી ગયું. જાણે ફુગ્ગામાંથી હવા નીકળી ગઈ.
અને હવે બીજી અગત્યની જાહેરાત. કાલે ૮ વાગે ગેટ નં. ૨ પાસેથી સ્કુલ બસીસ અજબગઢની હિસ્ટોરિકલ ટુર પર જવા નીકળશે.


સ્કુલ બસમાં અંતાક્ષરીની રમઝટ ચાલી. અજબગઢ ક્યારે આવી ગયું એની કોઈને ખબર પણ ના પડી. ટુર ગાઈડે કિલ્લાની ટુરથી શરૂઆત કરી.
ફરતા ફરતા ટુર ગાઈડ બાળકોને એક ખંડમાં લાવ્યા.
બાળકો, આ ખંડ છે દરબારના રાજગુરુ કૃપાલ સિંહનો. આ જ ખંડમાં એમનું મૃત્યુ થયું હતું.
કહેવામાં આવે છે કે કૃપાલ સિંહ ઘણી બધી ગુપ્ત વિદ્યાઓના જાણકાર હતા. મૃત્યુ પછી ગુરુજી પોતાના ક્યા શિષ્યને બધી વિદ્યાઓનું જ્ઞાન સોંપીને જશે એ બહુ મોટો પ્રશ્ન હતો.
ગુરુ પર સારી છાપ પાડવા માટે બધા જ શિષ્યો જાતજાતની તરકીબો કરતા, સિવાય એક, જેનું નામ હતું ગગનદીપ.


જ્યારે બીજા બધા શિષ્યો, તક શોધીને, ગુરુ સામે પોતાના સારા કામ, ગુણો અને વિધાનું પ્રદર્શન કરતા, ત્યારે ગગનદીપ ગુરુ સામે પોતાની થયેલી ભૂલોની કબુલાત કરતો.
મૃત્યુ પથારી પર ગુરુએ ગગનદીપને પોતાની બધી જ વિધાઓનું જ્ઞાન સોંપ્યું. આ જોઈ બીજા શિષ્યો ખુબ નારાજ થયા.
ગુરુએ બધા શિષ્યો પોતાની પાસે બોલાવ્યા.
પુત્રો, જે હંમેશા પોતાની અચ્છાઈઓનો દેખાડો કરે, એની સાચી ઓળખાણ કોઈને કેવી રીતે પડે? ગગનદીપને મેં એટલા માટે પસંદ કર્યો છે કે એણે ક્યારેય મારા ઉપર સારી છાપ પાડવાના પ્રયાસો નથી કર્યા.
એક વાત હંમેશા ધ્યાનમાં રાખજો. પ્રભાવ તો એનો પડે કે જે ક્યારેય બીજા પર પોતાની છાપ પાડવાના પ્રયત્નો ના કરે.







# જીવંત ઉદાહરણ

એક ઉત્સાહી યુવકની વાત છે. એ વિનોબા પાસે આવ્યો. ગર્વભેર પોતાનો પરિચય આપતાં તેણે કહ્યું, 'મને જવાહરલાલજી પણ ઓળખે છે.'

'બીજું કોણ કોણ ઓળખે છે?' વિનોબાજીએ ધીરે રહીને પૂછ્યું.

'રાજાજી ઓળખે છે,' યુવકે કહ્યું, 'ટંડનજી ને સરદાર સાહેબ પણ ઓળખતા હતા.'

'ગામનાં અને પાડોશનાં ગામનાં લોકો ઓળખે કે?' વિનોબાએ પૂછ્યું.

'ના, બાબા! મોટે ભાગે હું બહાર રહ્યો છું ને... એટલે ગામમાં કોઈને ખાસ ઓળખું નહીં. ગામવાળા મને પણ ના ઓળખે.'

'તો જાઓ. પહેલાં એમને ઓળખો, એમનો પરિચય કરો, પછી મારી પાસે આવજો.' વિનોબા બોલ્યા.


'વિચારપોથી' માં વિનોબાએ લખ્યું છે : 'પર્વત સમા ઊંચા થવામાં મને સુખ નથી દેખાતું. મારી માટી તો આસપાસની જમીન પર ફેલાઈ જાય. એમાં જ મને આનંદ છે.'

જોયું મિત્રો, મોટાઈઓ મારવામાં મોટાઈ નથી, પણ આપણી આસપાસની વ્યક્તિઓ સાથે હળીમળીને રહેવામાં મોટાઈ છે.

# ચાલો રમીએ...



**૧.** નીચેના ચિત્રમાં ટપકાં જોડી ચિત્ર પૂર્ણ કરો.



**૨.** આપેલા ચિત્રમાં રસ્તો શોધો.







# ઐતિહાસિક ગૌરવગાથા

રાજગૃહી નગરમાં રોજ પાંચસો પાડાનો વધ કરનાર એક અત્યંત નિર્દય કાલસૌકરિક નામનો કસાઈ રહેતો હતો.

એક દિવસ શ્રેણિક રાજાએ પોતાની નરકગતિ ટાળવાના ઉપાય રુપે તેને જીવ હત્યા કરવાનું બંધ કરવા કહ્યું. એ ન માનતા રાજાએ એને એક કુવામાં ઊંધો લટકાવી દીધો જેથી એ હત્યા ન કરે.

તે વખતે તેણે મનની કલ્પના વડે સેંકડો પાડાઓ પાણીમાં દોરી તેનો વધ કર્યો. આમ શ્રેણિક રાજાની નરક તો ન ટળી પણ એણે પણ સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું.

મૃત્યુ સમય નજીક આવતા એ રોગથી અત્યંત પીડા પામવા લાગ્યો. ત્યારે તેના પુત્ર

સુલસે પિતાને શાંતિ થાય એ હેતુથી મનોવાંછિત ખાનપાન, સુંદર ગીતગાન, કમળ પુષ્પશય્યા, સુગંધી ચંદનનો લેપ વગેરે ઘણા ઉત્તમ ઉપચારો કર્યા. તો પણ તેનાથી તેને જરા પણ સુખ થયું નહીં. ઊલટું, એને વધારે દાહ થવા લાગ્યો. તેથી સુલસે અભયકુમાર પાસે જઈ ઉપાય પૂછ્યો.

આ સાંભળી અભયકુમારે કહ્યું, "તારા પિતા નરકમાં જવાના છે, માટે સુખના ઉપચારો તેને દુઃખના જ કારણભૂત થાય છે. માટે હવે તેને નીરસ ભોજન આપ, ખારું જળ પીવડાવ, ગધેડા અને કૂતરાના શબ્દો સંભળાવ, ખરબચડી શય્યા પર સુવાડ અને અશુચિનું વિલેપન કર. આવા વિરુદ્ધ ઉપચાર કરવાથી તેને સુખ થશે."

અભયકુમારના કહેવાથી સુલસે તેવા ઉપચાર કર્યા, તેથી કાલસૌકરિકને કાંઈક સુખ ઉત્પન્ન થયું. છેવટે તે મૃત્યુ પામી સાતમી નરકે ગયો. સુલસે પાપનું ફળ પ્રત્યક્ષ જોયું તેથી તે શ્રી મહાવીર સ્વામીનો શ્રાવક બની ગયો અને જીવ હત્યા બંધ કરી દીધી.

એક દિવસ સુલસને તેની માતા, બહેન વિગેરે સ્વજનોએ મળીને તેને ફરી કસાઈનો ધંધો શરુ કરવાનું કહ્યું.


સુલસે પાપનું ફળ જણાવી એમ કરવાની ચોખ્ખી ના પાડી દીધી. તે સાંભળીને તેઓ બોલ્યા, 'ધનની જેમ, એ પાપના ફળને પણ અમે વહેંચી લેશું.'

ત્યારે સુલસે એક કુહાડાથી પોતાના પગ પર ઘા કર્યો અને તેની પીડાથી પૃથ્વી પર પડી ગયો. પછી તે બોલ્યો, 'તમે પાપ વહેંચી લેવા કહો છો તો હમણાં આ મારી પીડા વહેંચી લો કારણ કે મને ઘણું દુઃખ થાય છે.'

સ્વજનો બોલ્યા, 'તે કંઈ વહેંચી લેવાય નહીં, એ તો જે કરે તે જ ભોગવે.'

સુલસે કહ્યું, 'જ્યારે તમે આ પ્રત્યક્ષ પીડાને પણ વહેંચી લઈ શકતા નથી તો પાપ શી રીતે વહેંચી લેશો?'

આ સાંભળી સ્વજનો નિરુતર થઈ ગયા. અંતે સુલસે આજીવન જીવવધ કર્યો નહીં. અને અંતે મૃત્યુ પામીને સ્વર્ગે ગયો.





# મીઠી યાદેં

એક બ્રહ્મચારી ભાઈનો જ્ઞાન દિવસ હતો. દાદા દર્શનના ટેરેસ પર નીરુમા વોક લઈ રહ્યા હતા. નીરુમાનું વોક પત્યું એટલે પેલા ભાઈએ નીરુમાએ પગે લાગી અને આશીર્વાદ લીધા . તે વખતે નીરુમા સાથે બીજા બ્રહ્મચારી ભાઈઓ પણ હતા. જ્ઞાનદિન નિમિત્તે આ ભાઈ , બીજા ભાઈઓને પણ પગે લાગ્યા.

આ જોઈ નીરુમાએ તરત જ એ ભાઈને પૂછ્યું , "અલ્યા ખાલી સારું દેખાડવા પગે લાગે છે કે હકીકતમાં આશીર્વાદ માંગે છે?"

પેલા ભાઈ બોલ્યા, "ના, ના નીરુમા દિલથી માંગુ છું."

પણ, પછી એ ભાઈને ખ્યાલ આવ્યો કે ખરેખર પેલા ભાઈઓના આશીર્વાદ લેતી વખતે એમને નીરુમાની હાજરી ધ્યાનમાં હતી.એમને મનમાં થતું હતું કે નીરુમા જોશે તો આ વિનય જોઈને કેવા રાજી થશે. એમને પોતાનો દોષ ખૂબ જ ખૂંચ્યો.

***આમ , નીરુમાની એક નાની અનથી ટકોરથી એ ભાઈને પોતાની પ્રકૃતિમાં વણાયેલા 'સારું દેખાડવાના' દોષ પર જાગૃતિ રહેવા લાગી.***

## મુંબઈ ખાતે પૂજ્યશ્રી સમક્ષ બાળકો દ્વારા રજૂ થયેલો
## કલ્ચરલ ડાન્સ








### જ્ઞાન એનિમેશન DVD નું ઓપનીંગ





Akram Express
April 2016
Year : 8, Issue : 8
Conti. Issue No.: 92

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

# સમર કેમ્પ માહિતી ગ્રુપ C ૮ થી ૧૨ વર્ષના બાળકો

| સેન્ટર | તારીખ | સંપર્ક નંબર |
|---|---|---|
| સીમંધર સીટી, અમદાવાદ (ઉ.ગુ) | ૨૩,૨૪ એપ્રિલ ( ૮ થી ૧૦ વર્ષ), ૨૫, ૨૬ એપ્રિલ(૧૧ -૧૨ વર્ષ) | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| ભુજ | ૩,૪ મે | ૯૯૨૪૩૪૫૫૮૮ |
| ગાંધીધામ | ૨૯ એપ્રિલ | ૯૯૧૩૭૦૦૨૫૫ |
| રાજકોટ | ૨૯,૩૦ એપ્રિલ | ૯૭૨૩૫૯૧૬૦૬ |
| મોરબી | ૪ મે | ૯૭૨૬૩૮૮૭૯૨ |
| સુરેન્દ્રનગર | ૨૪,૨૫ એપ્રિલ | ૯૪૨૬૫૭૯૦૬૪ |
| બરોડા | ૨૩,૨૪ એપ્રિલ | ૮૯૮૦૯૯૫૨૫૫ |
| ભરૂચ , અંકલેશ્વર | ૨૮ એપ્રિલ | ૯૪૨૮૫૮૬૭૦૧ |
| ભાવનગર | ૩,૪ મે | ૯૫૭૪૦૦૮૦૯૦ |
| સુરત | ૩૦ એપ્રિલ ૧ મે | ૯૭૨૫૮૩૨૭૦૪ |
| વલસાડ | ૨૮ એપ્રિલ | ૯૨૭૬૨૫૨૯૩૦ |
| જામનગર | ૩,૪ મે | ૯૮૭૯૫૫૧૫૧૮ |
| મુંબઈ | ૧૬-૧૭ એપ્રિલ | ૯૩૨૦૨૫૫૨૬૬-C, ૮૬૫૨૮૯૦૦૬૬-W |

નોંધ ૧) સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨) રજિસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઈ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૧૦ દિવસ અગાઉ રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યાર બાદ રજિસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩) સીમંધર સીટી સમર કેમ્પ માટે રજિસ્ટ્રેશન ત્રિમંદીર સંકુલના 'સ્ટોર ઓફ હેપીનેસ' માં સવારે ૯-૩૦ થી ૧૨, સાંજે ૪ થી ૭ દરમ્યાન જે તે સમર કેમ્પના ૧૦ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે, આ રજિસ્ટ્રેશન ૨૦ માર્ચથી કરવામાં આવશે. સંપર્ક સૂત્ર - ૦૭૯-૩૯૮૩૦૯૩૯

૪) ઉપર જણાવેલ સેન્ટરમાંથી કોઈ એક સેન્ટર પર જ ભાગ લઈ શકાશે.

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 # #. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.